# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૭ તા.૩૦-૬-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સરકારી પ્રાથમિક શાળાઓનો સમય નિયત કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૦/૩૬૫૯-૩૭૧૬ તા.૩૦-૬-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સામાન્ય સંજોગોમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થયેથી ૩૦ જૂન સુધી સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો રાખવામાં આવે છે. તારીખ ૧ લી જુલાઈથી શાળાઓ પૂર્ણ સમયે ચાલતી હોય છે. પરંતુ કોવિડ-૧૯ની વર્તમાન પરિસ્થિતિમાં હાલ વિદ્યાર્થીઓને શાળામાં આવવા પર પ્રતિબંધ છે. આ સંજોગોમાં રાજય સરકાર દ્વારા તા.૫-૬-૨૦૨૦ ના ઠરાવથી દરેક શાળામાં હોમ લર્નિંગ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરાવવા સૂચના આપવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ચ્યુઅલ કલાસ રૂમ ,યુટયુબ તથા ટી.વી. ના માધ્યમથી બાળકોને ઘરે બેસી અભ્યાસ કરાવવાનું આયોજન કાર્યરત છે.

તા.૧-૭-૨૦૨૦ થી તા.૩૧-૭-૨૦૨૦ સુધી તમામ મ્યુનિ. શાળાઓનો સમય સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ કલાકનો રહેશે. આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓને શાળાએ આવવાનું નથી પરંતુ શિક્ષણ વિભાગના ઠરાવની સૂચનાનુસાર મુખ્ય શિક્ષકશ્રી દ્વારા જે શિક્ષકોને જે-તે કામગીરી માટે બોલાવવામાં આવે તે શિક્ષકોએ તે મુજબ ઉપસ્થિત રહી કામગીરી કરવાની રહેશે. આ સમયગાળા દરમ્યાન શિક્ષકોએ હોમ લર્નિંગ અંગેના જીસીઈઆરટીની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. દરેક સપ્તાહે પોતાના વર્ગના તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ ઓછામાં ઓછા એક વાર અને વધુમાં વધુ બે વાર ટેલીફોનિક સંપર્ક કરવાનો રહેશે. નજીકના વિસ્તારમાં રહેતા બાળકોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓને હોમ લર્નિંગમાં કોઈ મુશ્કેલી હોય તો તે દૂર કરવામાં મદદ કરવા જણાવવામાં આવે છે.

કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ ઘરે બેઠા યોગ્ય અધ્યયન નિષ્પતિઓ શીખે તે માટે તમામ શિક્ષકમિત્રોએ ઘનિષ્ઠ સંપર્ક અને માર્ગદર્શકની ભૂમિકા નિભાવવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/2020/3659-3716
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં 12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રાં. ગાંધીનગર, તા. 30/06/2020

પ્રતિ,
- જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જીલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- સરકારી પ્રાથમિક શાળાઓનો સમય નિયત કરવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સામાન્ય સંજોગોમાં ઉનાળું વેકેશન પૂર્ણ થયેથી ૩૦ જૂન સુધી સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારનો રાખવામાં આવે છે અને તારીખ 1 લી જુલાઈથી શાળાઓ પૂર્ણ સમયે ચાલતી હોય છે. પરંતુ કોવિડ-19 ની વર્તમાન પરિસ્થિતિમાં હાલ વિદ્યાર્થીઓને શાળામાં આવવા પર પ્રતિબંધ છે. આ સંજોગોમાં 1 લી જુલાઈથી શાળાઓનો સમય કેવી રીતે રાખવો તે અંગે અલગ અલગ જીલ્લાઓએ અલગ અલગ પરિપત્ર કરેલ છે. ગત વર્ષથી સમગ્ર રાજ્યમાં એક સમાન રીતે અભ્યાસક્રમ ચાલે, કામના કલાકો નિયત થાય, મૂલ્યાંકન થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા તા.05/06/2020 ના ઠરાવથી દરેક શાળામાં Home Learning દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરાવવા માટે સૂચનાઓ આપવામાં આવેલ છે તથા Virtual Classroom, You Tube અને TV ના માધ્યમથી પણ બાળકોને ઘરે બેસી અભ્યાસ કરાવવાનુ આયોજન કરવામાં આવેલ છે.

આગામી સમયમાં Home Learning દ્વારા બાળકોએ કેટલો અભ્યાસ કર્યો, તેના અનુસંધાનમાં મૂલ્યાંકન કસોટી હાથ ધરવા પણ વિચારણા ચાલી રહી છે. આ સંજોગોમાં સમગ્ર રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓનો સમય તા.01/07/2020 થી તા.31/07/2020 સુધી સવારે 7.30 થી તા.12.00 કલાક સુધીનો રહેશે. આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓએ શાળાએ આવવાનુ રહેશે નહિ પરંતુ શિક્ષણ વિભાગના ઠરાવમાં આપેલ સૂચનાનુસાર મુખ્ય શિક્ષકશ્રી દ્વારા જે શિક્ષકોને જે તે કામગીરી માટે બોલાવવામાં આવે તે શિક્ષકોએ તે મુજબ ઉપસ્થિત રહી કામગીરી કરવાની રહેશે. આ સમય દરમ્યાન શિક્ષકોએ Home Learning અંગેના GCERT ના તા.22/06/2020 ના પત્રથી આપેલ સૂચનાઓનુ પાલન કરવાનુ રહેશે. દરેક સપ્તાહે પોતાના વર્ગના તમામ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ ઓછામાં ઓછા એક વાર અને વધુમાં વધુ બે વાર ટેલીફોનથી સંપર્ક કરવાનો રહેશે અને નજીકના વિસ્તારમાં રહેતાં બાળકોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓને Home Learning માં કોઈ મુશ્કેલી હોય તો તે દૂર કરવામાં મદદ કરવાની રહેશે તથા માર્ગદર્શન પુરૂ પાડવાનુ રહેશે.

કોવિડ-19 ની પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ ઘરે બેઠા યોગ્ય અધ્યયન નિષ્પતિઓ શીખે તે માટે તમામ શિક્ષકમિત્રોએ ઘનિષ્ઠ સંપર્ક અને માર્ગદર્શકની ભૂમિકા નિભાવવાની રહેશે. આ બાબતની જાણ આપની તાબાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં થાય તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

સદર સૂચનાઓ સાથે સુસંગત ન હોય તેવો કોઈ પરિપત્ર થયો હોય તો તે રદ કરવાનો રહેશે.

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ. . .</u>

- અંગતસચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાયલ, ગાંધીનગર
- અંગતસચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રી (રા.ક.)નુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાયલ, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-17, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેકટર-12, ગાંધીનગર
- કન્વિનર, સી.સી.સી. સેન્ટર, સેકટર-19, ગાંધીનગર